# ગ્રીક એટમોસ્ફિયરની અનુભૂતિ કરાવશે નાટક સોક્રેટિસ



▶ મંગળવારે કલાકારો દ્વારા 'સોક્રેટિસ' નાટકનું રિહર્સલ કરવામાં આવ્યું હતું.

સિટી રિપોર્ટર ▶ અમદાવાદ

ગુજરાત સંગીત નાટક અકાદમીના સહયોગથી 6 સપ્ટેમ્બરે જયશંકર સુંદરી હોલમાં રાતે 9 વાગે રાજુ બારોટ દિગ્દર્શિત 'કશુંક ભાળી ગયેલો માણસ' (સોક્રેટિસ) નાટક ભજવાશે. આ નાટકમાં લોકશાહીના મૂલ્યોની વાત કરવામાં આવી છે. સોક્રેટિસ લોકશાહીના ઉપાસક હતા. દર્શકની 'સોક્રેટિસ' નવલકથાનું ભરત દવેએ નાટ્યરૂપાંતર કર્યું છે ત્યારે શહેરીજનોને વિનામૂલ્યે આ નાટક માણવા મળશે. નાટકના દિગ્દર્શક રાજુ બારોટે કહ્યું કે, અઢી કલાકનું આ પ્લે ઓડિયન્સને ગ્રિક એટમોસ્ફિયર ફીલ કરાવશે. નાટકમાં સોક્રેટિસનો રોલ પ્રવિણ હિરપરાએ કર્યો છે. અન્ય કલાકારોમાં દિપ્તી જોષી, રાજુ બારોટ, વૈભવી ભટ્ટ, નિસર્ગ ત્રિવેદી, વૈશાખ રાઠોડ, તારિકા ત્રિપાઠી, વિશાલ શાહ છે.